# ઉચ્ચત્તર પ્રાથમિક શિક્ષણમાં ધોરણ ૮ના સમાવેશને પરિણામે ઉદ્ભવેલી અસરનો અભ્યાસ

અર્જુનભાઈ સી.પટેલ
શિક્ષણ નિરીક્ષક,જિ.શિ.અ.ક.,નવસારી

## ૧. પ્રસ્તાવના

પ્રાથમિક શિક્ષણ એ પાયાનું મૂળભૂત શિક્ષણ છે. શિક્ષણના વિકાસ, વિસ્તાર અને સાર્વત્રીકરણ માટે,ગુજરાત રાજ્યના ૬-૧૪ વર્ષના બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ મળી રહે તે હેતુસર રાજ્ય સરકારે ઈ.સ. ૨૦૧૦-૧૧ થી ધોરણ-૮ કે જે માધ્યમિક વિભાગમાં આવતું હતું તેને બદલે ઉચ્ચત્તર પ્રાથમિક વિભાગમાં લઈ જવાનો એક ઐતિહાસિક નિર્ણય કર્યો. શું સરકારનો આ નિર્ણય સાચો છે? ધોરણ-૮ પ્રાથમિકમાં જવાથી પ્રાથમિક શાળા તેમજ માધ્યમિક શાળાને કઈ કઈ સમસ્યા ઉદ્ભવી? બાળકોના શિક્ષણ પર કેવા પ્રકારની અસર થશે? જેવા અનેક પ્રશ્નોનો જવાબ મેળવવા માટે સંશોધકે પ્રસ્તુત સંશોધન હાથ ધર્યું છે.

## ૨. હેતુઓ

૧. ધોરણ-૮નો ઉચ્ચત્તર પ્રાથમિક શિક્ષણમાં સમાવેશ થવા માટેના કારણોનો અભ્યાસ કરવો.
૨. ધોરણ-૮નો ઉચ્ચત્તર પ્રાથમિક શિક્ષણમાં સમાવેશ થવાથી ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓમા થતી હકારાત્મક અસરોનો અભ્યાસ કરવો.
૩. ધોરણ-૮નો ઉચ્ચત્તર પ્રાથમિક શિક્ષણમાં સમાવેશ થવાથી ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓમાં થતી નકારાત્મક અસરોનો અભ્યાસ કરવો.
૪. ધોરણ-૮નો ઉચ્ચત્તર પ્રાથમિક શિક્ષણમાં સમાવેશ થવાથી માધ્યમિક શાળાઓમાં થતી હકારાત્મક અસરોનો અભ્યાસ કરવો.
૫. ધોરણ-૮નો ઉચ્ચત્તર પ્રાથમિક શિક્ષણમાં સમાવેશ થવાથી માધ્યમિક શાળાઓમાં થતી નકારાત્મક અસરોનો અભ્યાસ કરવો.
૬. ધોરણ-૮નો ઉચ્ચત્તર પ્રાથમિક શિક્ષણમાં સમાવેશ થતા આગામી સમયમાં શિક્ષણ જગત પર તેની અસરોનો અભ્યાસ કરવો.
૭. ધોરણ-૮નો ઉચ્ચત્તર પ્રાથમિક શિક્ષણમાં સમાવેશ થવાથી ઉભી થતી સામાજિક અસરો તપાસવી.

## ૩. વ્યાપવિશ્વ

પ્રસ્તુત સંશોધનના વ્યાપવિશ્વમાં ગુજરાત રાજ્યની જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સંચાલિત તેમજ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત પ્રાથમિક શાળાઓના શિક્ષકો, મુખ્યશિક્ષકો, સીઆરસી,બીઆરસી કોર્ડીનેટર તેમજ અનુદાનિત અને સરકારી માધ્યમિક શાળાઓના શિક્ષકો અને આચાર્યોનો સમાવેશ કર્યો હતો.

## ૪. નમૂનો

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે યાદૃચ્છિક નમૂના પદ્ધતિ દ્વારા નમૂનાની પસંદગી કરી હતી. જે અંતર્ગત સંશોધકે ગુજરાત રાજયના તમામ જિલ્લાઓને પાંચ ઝોનમાં વર્ગીકૃત કરી દરેક ઝોનમાંથી યાદૃચ્છિક રીતે એક-એક એમ

કુલ પાંચ જિલ્લાઓ અમદાવાદ, અમરેલી, પાટણ, વડોદરા અને સુરત પસંદ કર્યા હતા.ત્યારબાદ દરેક જિલ્લામાંથી ૫ ટકા લેખે શાળાઓની પસંદગી ચિઠ્ઠી ઉપાડ પદ્ધતિ દ્વારા યાદ્દચ્છિક રીતે કરવામાં આવી હતી. તદ્નુસાર ૨૭૭ ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓ અને ૬૭ માધ્યમિક શાળાઓ એમ કુલ ૩૪૪ શાળાઓની પસંદગી થઇ હતી. આ રીતે પસંદ થયેલ ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓના તમામ ૨૭૭ મુખ્ય શિક્ષકો, ૧૩૦૦ શિક્ષકો અને આ શાળાઓ સાથે સંકળાયેલ ૯ બી.આર.સી. અને ૫૦ સી.આર.સી. તેમજ માધ્યમિક શાળાના ૬૭ આચાર્યો અને ૭૦૦ શિક્ષકોને નમૂનામાં સમાવિષ્ટ કર્યા હતા.

## ૫. ઉપકરણ

પ્રસ્તુત સંશોધનના વિષયના અનુસંધાનમાં પ્રાથમિક અને માધ્યમિક શિક્ષકોના અભિપ્રાય જાણવા પ્રાથમિક શાળા અને માધ્યમિક શાળાના શિક્ષકો પાસેથી માહિતી એકત્ર કરવા સંશોધક દ્વારા અભિપ્રાયાવલિની તથા મુક્તજવાબી પ્રશ્નાવલિની કરવામાં આવી હતી. મુખ્ય શિક્ષકો, આચાર્યો તથા બી.આર.સી. પાસેથી માહિતી એકત્ર કરવા સાક્ષ્યપત્રક તેમજ સી.આર.સી.પાસેથી માહિતી એકત્ર કરવા પ્રશ્નાવલિની રચના કરી હતી

## ૬. સંશોધન પદ્ધતિ

પ્રસ્તુત સંશોધન માટે સર્વેક્ષણ પદ્ધતિ અપનાવવામાં આવી હતી.

## ૭. માહિતીનું પૃથક્કરણ

માહિતીના પૃથક્કરણ માટે સંશોધન સમસ્યાના પ્રત્યેક વિધાનોનું ભેદપરખ મૂલ્ય જાણવા અભિપ્રાયદાતાઓ દ્વારા પ્રાપ્ત કરાયેલ અભિપ્રાયોને આધારે પ્રત્યેક વિધાનોનું કાયવર્ગ ($\chi^2$) મૂલ્ય શોધવામાં આવ્યું હતું.

## ૮. તારણો

૧.ધોરણ-૮નો ઉચ્ચત્તર પ્રાથમિકમાં સમાવેશને કારણે વહીવટી સમસ્યા વધી છે એવું ૪૭.૯૨ ટકા શિક્ષકોએ અભિપ્રાય દર્શાવ્યો હતો.

૨.ગુજરાત સરકાર પર આર્થિક ભારણ ઘટ્યું છે. એવું ૩૪.૧૫ ટકા શિક્ષકોનુ માનવું છે.

૩.પ્રાથમિક અને ઉચ્ચત્તર પ્રાથમિક એમ બે વિભાગ પડવાથી શિક્ષણકાર્ય સારી રીતે કરી શકાય છે. એવું ૬૨.૦૮ ટકા શિક્ષકોનું માનવું છે

૪.શિક્ષકોએ જણાવ્યું હતું કે શિક્ષણનું સ્તર સુધારવા વિવિધ તબક્કે નક્કર આયોજન કરવું જોઈએ.

૫.શિક્ષણની ગુણવત્તા જાળવવા નિદાનાત્મક-ઉપચારાત્મક કાર્ય, શૂન્ય તાસ તેમજ વિવિધ ટેકનોલોજીના ઉપયોગ દ્વારા શિક્ષણ કાર્ય કરાવવું જોઈએ.

## ૯. સમાપન

પ્રસ્તુત સંશોધનમાં હેતુઓના સંદર્ભમાં પ્રાપ્ત થયેલા તારણો શિક્ષણનિતી ઘડનારા તજજ્ઞો, આયોજકો, પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં અધ્યાપન કરતા શિક્ષકો, આચાર્યો, કેળવણી નિરીક્ષકો તેમજ પ્રત્યક્ષ યા પરોક્ષ રીતે શિક્ષણ સાથે સંકળાયેલી વ્યક્તિઓને ઉપયોગી થશે તો સંશોધક પરિતોષની લાગણી અનુભવશે. આવા પ્રકારના સંશોધનકાર્ય હાથ ધરનાર સંશોધકને પણ આ અભ્યાસ દીવાદાંડીરૂપ બને એવી અભ્યર્થના.

## સંદર્ભસૂચિ

૧. સાધુ,પી.(૨૦૦૮). કેળવણીના દાર્શનિક આધારો.અમદાવાદ: અક્ષર પબ્લિશન, ગુજરાત રાજ્ય.પૃ.૧૯

૨. શાહ,ગુણવંત અને દેસાઈ, ધનવંત.(૧૯૯૬). શિક્ષણ દર્શન. અમદાવાદ: બી.એસ.શાહ પ્રકાશન,ગુજરાત રાજ્ય.પૃ.૩૨

૩. શાહ, ડી.બી.(૨૦૦૪). શૈક્ષણિક સંશોધન. અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.